દિવ્ય ભાસ્કર

# ભરૂચમાં બે દિવસીય આઈડીએશન અને ક્રીયેટીવ બુટકેમ્પ યોજાયો



ભરૂચની ગવર્મેન્ટ એન્જીનીરીગ કોલેજ ખાતે શાળાઓના વિદ્યાર્થીઓ માટે બે દિવસીય આઈડીએશન એન્ડ ક્રિયેટીવ બુટકેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનું આયોજન સ્ટુડન્ટ, સ્ટાર્ટઅપ ઈનોવેશન પોલીસી(SSIP) CELLના હેડ પ્રો. વિશાલ દોશી અને પ્રોફેસર અશેષ અને પ્રોફેસર સુનિલએ કર્યુ હતુ. જેના મુખ્ય વક્તા તરીકે સર્વ હેપ્પીનેસ સંસ્થાના વડા નીતીન ટેલર અને પ્રોફેસર વિશાલ દોશીએ વિદ્યાર્થીઓને ક્રિયેટીવ અને ઈનોવેશનના માધ્યમ દ્વારા નવા આઈડિયા વિચારવાનું માર્ગદર્શન આપ્યુ હતુ. નિતીન ટેલરે 2 દિવસ દરમ્યાન જુદા જુદા સામાજિક સમસ્યાઓને સોશિયલ ઈનોવેશન અને આઈડિયામાથી પ્રોડકટ બનાવવા માટેની ગ્રુપ એક્ટીવીટી કરાવી હતી. જેમાં જીએનએફસી, એમિટી હાઈસ્કૂલ, નારાયણ વિદ્યાલય, કેજીએમ વિદ્યાલય મળીને 100 જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.